## સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસૂતિની રજા મંજૂર કરવા અંગે

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ક્રમાંક : પ્રાશિનિ/ક/04/6051-6099
બ્લૉક નં. 12, પહેલે માળ, જૂના સચિવાલય, ગાંધીનગર, તા. 9-4-2004

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

જિલ્લાશિક્ષણસમિતિ (તમામ)

શાસનાધિકારીશ્રી,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (તમામ)

વિષય : સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસૂતિની રજા મંજૂર કરવા બાબતે.

*સંદર્ભ : શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પીઆરઈ-1199-ઈએમ-1073-ક, તા. 22-10-'03.*

ઉપરોક્ત વિષય પરત્વેના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ (1) હેઠળના ઠરાવથી સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસૂતિની રજાઓ મંજૂર કરતા હુકમો કરવામાં આવ્યા છે. જિલ્લા કક્ષાએ આ ઠરાવના અલગઅલગ અર્થઘટનના કારણે હજુ પણ કેટલાક જિલ્લાઓમાં પ્રસૂતિની રજાઓ મંજૂર કરવામાં આવતી ન હોવાની રજૂઆત ગુજરાત.રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ કચેરીને કરવામાં આવી છે. સદરહુ ઠરાવના એકસૂત્રીય અમલ માટે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, વિદ્યાસહાયક સંવર્ગને પ્રસૂતિની રજાઓનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓના સમાન ધોરણે આપવામાં આવેલ છે. એટલે મુંબઈ મુલકી સેવા નિયમો 1959ના નિયમ 771ની જોગવાઈઓને અનુલક્ષીને સ્ત્રી વિદ્યાસહાયકોના કિસ્સામાં પ્રસૂતિની રજાઓ મંજૂર કરવાની રહે છે. તદ્અનુસાર :

- પ્રસૂતિની રજા ઉપર ઊતરતી વખતે જે સ્ત્રી વિદ્યાસહાયકે 1 (એક) વર્ષની સળંગ નોકરી પૂરી કરી હોય તેમને પ્રસૂતિની રજા મળવાપાત્ર છે.
- વિદ્યાસહાયક તરીકે સળંગ બે વર્ષ કરતાં વધુ નોકરી કરી હોય તેવા વિદ્યાસહાયકની બાબતમાં પ્રાપ્તરજાના કિસ્સામાં કર્મચારીને મળવાપાત્ર પગાર જેટલો પગાર ચુકવવાનો રહે છે.
- એક વર્ષથી વધુ પરંતુ બે વર્ષથી ઓછી નોકરીના કિસ્સામાં અર્ધપગારી રજા અંગે મળવાપાત્ર પગાર જેટલો પગાર ચૂકવવાનો રહે છે.

ઉપરની સ્પષ્ટતાઓને અનુલક્ષીને સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસૂતિની રજાઓ મંજૂર કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા આથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

સહી, એમ. એ. પટેલ

સંયુક્ત શિક્ષણ નિયામક, ગાંધીનગર